# કેનેડા ડે પર ફટાકડાંનો ઉપયોગ સુરક્ષિત રીતે કરો:

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 25, 2021) – સીટી ઓફ બ્રેમ્પટન રહેવાસીઓને કેનેડા ડે પર ફટાકડાંનો ઉપયોગ કરતી વખતે સુરક્ષિત રહેવાના મહત્વની યાદ અપાવે છે.

જો રહેવાસીઓ પોતે મિત્રો અને કુટુંબીજનો સાથે આઉટડોરમાં ભેગા થવાનું પસંદ કરે તો, તેઓને કૃપા કરી આરોગ્ય અને સુરક્ષાને ઉચ્ચતમ ધ્યાનમાં રાખવાનું કહેવામાં આવે છે. બ્રેમ્પટન બુધવાર, જૂન 30 નાં રોજ મળસ્કે 12:01 વાગ્યે પ્રોવિન્સના રિઓપન કરવાના રોડમેપનું પગલું બેમાં પ્રવેશશે. પગલું બે હેઠળ, આઉટડોરમાં સામાજિક હળવું-મળવું 25 લોકો સુધી સીમિત રહેશે. ઇનડોરમાં હળવું-મળવું જુદા જુદા ઘરોના સભ્યો સહિત, પાંચ લોકો સુધી સીમિત છે. પ્રિયજનો અને સમુદાયને સુરક્ષિત રાખો. સારી સ્વચ્છતા, વ્યક્તિઓ વચ્ચે શારીરિક રીતે અંતરનો મહાવરો કરો અને આ મુશ્કેલભર્યું હોય ત્યારે માસ્ક પહેરો.

**આતશબાજી સુરક્ષા**
કેનેડા ડે વર્ષમાં ચાર મંજૂર કરેલા દિવસોમાંનો એક છે જ્યારે બ્રેમ્પટનમાં પરમીટ લેવાની જરૂરિયાત ઊભી થયા વગર ખાનગી મિલકત પર ટૂંકા-અંતરના ફટાકડાં ફોડવાની છૂટ આપવામાં આવે છે. બાય-લૉ (પેટા-કાનૂન) હેઠળ, આતશબાજીની પરવાનગી વિક્ટોરિયા ડે, દિવાળી અને નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ પણ આપવામાં આવે છે.

ટૂંકા-અંતરના ફટાકડાઓ એ છે જે ત્રણ મીટર (10 ફૂટ) કરતા ઓછું અંતર કાપતા હોય જ્યારે તે છોડવામાં આવે (દા.ત. ફાઉન્ટેઈન્સ, વ્હીલ્સ, ગ્રાઉન્ડ સ્પિનર્સ, સ્પાર્કલર્સ). જેની ઊંચાઇ અંદાજે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ બસ કે બાસ્કેટ બૉલના હૂપ જેટલી હોય.

બ્રેમ્પટનમાં રોકેટ જેવા અન્ય તમામ ફટાકડાં ફોડવાની મનાઇ છે. આ શહેર રહેવાસીઓને યાદ અપાવે છે કે ફટાકડાઓ સ્ટ્રીટ, સાઇડવૉક્સ પર, શહેરના પાર્ક્સ કે મ્યુનિસિપલ અથવા સ્કૂલ મિલકતોમાં ફોડવાની પરવાનગી નથી.

ખાનગી મિલકતમાં ટૂંકા-અંતરના ફટાકડાઓ ઉપયોગમાં લેતી વખતે, રહેવાસીઓએ આ સુરક્ષા સાવચેતીઓ અચૂક અનુસરવી રહી:

- પોતાની પાસે ફટાકડાં હોલવવા પાણી ભરેલું પાત્ર અથવા પાણી ભરેલી હોઝ લાઇન ઉપલબ્ધ રાખો.
- તમારા હાથમાં સ્પાર્કલર સિવાયના ફટાકડાં ક્યારેય ફોડશો નહિ કે પકડી રાખશો નહીં.
- અન્ય લોકો પર ફટાકડાં ક્યારેય ફેંકશો નહિ કે તેઓ તરફ ચિંધશો નહીં.
- સ્પાર્કલર્સનો ઉપયોગ કર્યા પછી, તેનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા પાડવા પાણીના પાત્રમાં રાખો.
- બધાં ફટાકડાંનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા થવા દો.

હાલમાં બ્રેમ્પટનમાં ફાયરવર્ક્સના કોઇ રિટેઇલર્સ નોંધાયેલા નથી. અમારી ભલામણ છે કે તમે લાઇસન્સ્ડ રિટેઇલર્સ પાસેથી ફટાકડાં ખરીદો.

ફટાકડાંથી સુરક્ષા અને બાય-લૉઝ (પેટા-કાનૂનો) વિશે વધુ માહિતી મેળવવા વેબસાઇટ જુઓ, www.brampton.ca/fireworks



The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca